# એક સમાજમિત્રનું નજરાણું | જોસેફ મેકવાન

[**કુટુંબદીપ્તિ :** ફાધર વર્ગીસ પૉલ, પ્ર. આર. આર. શેઠની કું., અમદાવાદ, જાન્યુ. ૨૦૦૫, પૃ. ૮+૮૮, કિં. રૂ. ૫૦/-]

ફાધર વર્સીગ પૉલ કેરલના એક સભ્રાન્ત પરિવારમાંથી આવે છે. કિશોરવયમાં એ જેસુઇટ સાધુસંઘમાં જોડાઈને ગુજરાતમાં આવ્યા. ગુજરાત યુનિ.માંથી તેઓ ગુજરાતી વિષય સાથે સ્નાતક થયા. પૂનાની જ્ઞાનદીપ વિદ્યાપીઠમાંથી 'તત્ત્વજ્ઞાન'માં અને રોમની ગ્રેગોરિયન યુનિ.માંથી તેઓ થિયૉલોજીની ઉચ્ચ ડિગ્રીઓ ધરાવે છે. બ્રિટન અને અમેરિકામાં એમણે પત્રકારત્વનો અભ્યાસ કર્યો છે. વિશાળ વાંચન અને ઊંડા અધ્યવસાયે એમને વિશદતા તથા બહુશ્રુતતા સંપડાવી છે. માતૃભાષા મલયાલમ પર અને અંગ્રેજી વિષય પર અસાધારણ પ્રભુત્વ હોવા છતાં તેઓ 'ગુજરાતી'માં જ લખવા કૃતસંકલ્પ થયા એ ગુર્જરગિરાનું ગૌરવ છે. વરસો લગી તેઓ સામાજિક- ધાર્મિક વિચારપ્રવર્તન કરતા 'દૂત' માસિકના તંત્રી રહ્યા હોઈ ગુજરાતના જનજીવન અને વિવિધ સામાજિક જૂથોનો તેમને સારો એવો પરિચય અને અનુભવ છે. એનો નિચોડ 'કુટુંબદીપ્તિ'માં વિચાર અને ચિંતનરૂપે થયો છે.

આ પુસ્તકમાંના કુલ સત્તર લેખોમાંથી અર્ધા ઉપરાંત લગ્ન, દામ્પત્ય, પારિવારિક સ્નેહ અને લગ્નજીવનમાં પડતી તિરાડ અંગેના છે. બાકીનામાં દેશકાળ, અધ્યાત્મ ને જાગતિક ચિંતાઓ વ્યક્ત કરાઈ છે.

ફાધર વર્ગીસમાંની સાધુતા સદૈવ જાગરૂક રહે છે. એમનું સાહિત્ય હિતનું – સાર્વત્રિક હિતનું સંવર્ધન તાકે છે. 'કુટુંબદીપ્તિ'ના હરેક લેખમાં એક સંવેદનશીલ સર્જક ઉપરાંત સૌનું – વ્યક્તિમાત્રનું શ્રેય ઝંખતા શ્રેયસાધક તરીકે એમની આભા ઊભરે છે. આ જ કારણે મેં એમને લોકયાત્રાના પ્રહરી કહ્યા છે.

પુસ્તકનું નામાભિધાન એમણે કુટુંબ પછી 'દીપ્તિ' ઉત્તરપદ જોડીને સાર્થક સમાસરચના કરી છે. અર્થ નીપજે છે; કુટુંબનો પ્રકાશ અર્થાત્ કુટુંબમાંથી ઉદ્‌ભવતો આલોક ! પંચતત્વનું એક પ્રબળ તત્ત્વ છે 'તેજ'. 'તેજ' ત્યારે જ પ્રગટે જ્યારે 'સ્નેહ' સીંચાય ને દિવેટ – 'બત્તી' જલે. રૈદાસે ગાયું છે :

**પ્રભુજી તુમ દીપક હમ બત્તી**
**જાકી જ્યોત જલે દિન-રાતી**
**તુમ ચંદન હમ પાની.**

પારસ્પરિક પ્રેમ, વિશ્વાસ, એકમેક કાજે ખપી ખૂટવાની તમન્ના અર્થાત્ ત્યાગપૂર્ણ બલિભાવના હોય તો જ કુટુંબ પંડના પ્રકાશે દેદીપ્યમાન બને. આના અનુમોદનમાં લેખક પુસ્તકના ઉઘાડમાં જ શ્રદ્ધા, પ્રેમ, શાંતિ અને શ્રમ જેવાં સનાતન મૂલ્યોને પરિવારની પાયાની જરૂરિયાત ગણાવે છે. શ્રેષ્ઠ કલાકારે ધર્મવેત્તાને પૂછ્યું : 'સૌથી મનોહર વસ્તુ કઈ ?' જવાબ મળ્યો : 'શ્રદ્ધા.' અસંતુષ્ટ કલાકારે એ જ સવાલ એક યુવતીને કર્યો. પ્રતિભાવ સાંપડ્યો : 'પ્રેમ.' આ જ પ્રશ્ન એક યુવકને કરતાં એ બોલ્યો : 'શાંતિ !' ચિત્રકાર ઘેર ગયો. એણે પોતાનાં બાળકોની આંખોમાં 'શ્રદ્ધા' જોઈ. પત્નીનાં લોચનમાં 'પ્રેમ' જોયો. શ્રદ્ધા અને પ્રેમના પ્રતિફળરૂપે એણે પોતાના કુટુંબમાં 'શાંતિ'નો અનુભવ કર્યો. અથાગ પરિશ્રમ કરીને એણે એક બેનમૂન ચિત્ર સર્જ્યું. તે એક આદર્શ કુટુંબનું ચિત્ર હતું.

'કુટુંબદીપ્તિ'ને પાને પાને આવાં સ-રસ ચિત્રો આકારાયાં છે. પહેલા જ લેખમાં એ ટૉલ્સ્ટૉયને ટાંકે છે : 'સુખ-સૌભાગ્ય માણતાં બધાં કુટુંબોમાં સર્વસામાન્ય લક્ષણો હોય છે. જ્યારે દરેક દુઃખી કુટુંબ પોતપોતાની રીતે જ દુઃખ વેઠીને જીવે છે. એટલે સુખની જેમ દુઃખનાં કોઈ સર્વસામાન્ય લક્ષણો નથી.' એ પછી લેખક સુખસમૃદ્ધિ માણતાં કુટુંબોમાં સામાન્ય કહી શકાય એવાં; પ્રાર્થના, સમૂહભોજન, સંવાદ, વિશ્વાસ, આદર – વ્યક્તિસ્વાતંત્ર્ય, જવાબદારી, સંપત્તિનો યોગ્ય ઉપયોગ, આતિથ્ય, સમસ્યાનો સ્વીકાર અને સારા-નરસાનું શિક્ષણ એવાં દસ લક્ષણ તારવે છે.

શહેરની હૉસ્ટેલમાં રહીને ભણતી, ત્રણેક વર્ષથી એક યુવાનના પરિચયમાં આવેલી યુવતી લગ્ન કરવા માટે લેખકની સલાહ માગે છે. લેખક એને પોતાનાં મા-બાપની સલાહ લેવા સૂચવે છે અને પછી ગામડે રહેતાં માતા-પિતા કેવી સલાહ આપશે એ ચર્ચે છે. આ રીત તાર્કિક નથી. પેલી યુવતીની જેમ જ ભાવકને પણ લેખક પોતે શી સલાહ આપે છે, એમાં રસ હોય છે. જવાબદારીથી ચાતરી જઈને અંગૂઠે કમાડ ઠેલી મેલવા જેવી આ વાત થઈ. વર્ગીસ જેવા સમાજચિંતકે આ વીસરવું ના જોઈએ.

'લગ્નજીવનની તૈયારી'વાળા લેખમાં લેખક નવ જેટલાં કારણો ગણાવે છે. પણ તારવી આપે છે કે પરસ્પર મનમેળ, એક-મેકની સ્વમાન સાચવવાની ખેવના અને ઉદારતા હોય તો લગ્ન આજીવન ટકે છે. ખ્રિસ્તી ધર્મ લગ્નને પવિત્ર સંસ્કાર માને છે. એ અતૂટ રહે એ જ ધર્મ્ય લેખાય છે. ત્રણ-ચાર દાયકા પહેલાં ગુજરાતી ખ્રિસ્તી સમાજમાં ફારગતીનો દર માંડ ત્રણ ટકા હતો તે હવે બિહામણો બની રહ્યો છે. પશ્ચિમનો અને આધુનિકતાનો એ પ્રભાવ છે. ચર્ચ એથી ચિંતિત છે. ફાધર વર્ગીસ જેવા ધર્મગુરુઓ લગ્નો ટકાઉ બને, દામ્પત્યજીવન સુચારુ બને એવા પ્રશસ્ય પ્રયાસો – વિચારોનું પ્રવર્તન આદિ કરે છે એનાં અનેક ઉદાહરણો 'કુટુંબદીપ્તિ'માંથી મળી રહે છે, જે સમષ્ટિ માટે લાભદાયક છે.

'સફળ લગ્નજીવન' માટે લેખક, લેખિકા ચેરી કાર્ટર સ્કૉટના દસ નિયમોના ગ્રંથ 'ઇફ લવ ઇઝ એ ગેઇમ, ધિસ આર ધ રૂલ્સ.' – 'જો પ્રેમ એક રમત હોય તો તેના આ નિયમો છે.' નો હવાલો આપે છે. હવે બીના એમ છે કે લગ્ન પછી પત્ની મા-બાપના સાથથી અઢી વરસમાં બે વાર ગર્ભપાત કરાવી નાંખે છે ને છેલ્લે ખાધાખોરાકીનો દાવો માંડ્યો છે. ભગ્ન હૈયે હતાશ યુવક ફાધરની કુમક માગે છે. ફાધર માત્ર એક જ પક્ષની વાત જાણતા હોઈ તટસ્થ બની રહે છે અને ચેરી સ્કૉટના નિયમો ચર્ચે છે.

જો પુસ્તકોમાં ટાંકેલા નિયમો જ કારગત નીવડતા હોત તો લગ્નભંગાણના આંકડા આટલા વકરી ગયા ન હોત. હકીકતે સંસાર અને સમાજજીવનના વળ-વ્યવહાર બહુ સંકુલ હોય છે. એમાં થાબડભાણાંથી કામ નથી ચાલતું. ધર્મગુરુઓની તકલીફ એ છે કે પોતે અપરિણીત હોઈ પેલા વળ સમજવામાં સફલ નથી થતા.

'આપણું સુખ શેમાં છે ?'માં લેખક ધનપ્રાપ્તિ પાછળની પાગલ દોટનાં કુપરિણામો છણે છે તો 'માને વેચવી છે ?'માં વાર્ધક્યની કરુણ લાચારી વર્ણવાઈ છે. લેખક અહીં ટેન કમાન્ડમેન્ટ્સમાંથી શોધી આજ્ઞા – 'મા-બાપને માન આપ.' કામે લગાડે છે ને લગ્નવેળા સંત

પૉલના શબ્દો : 'હવેથી તે (યુવક) પોતાનાં મા-બાપને છોડી દેશે, પણ પોતાની પત્નીને વળગી રહેશે.'ને સમજાવવાનો પ્રયાસ કરે છે. સંત પૉલના શબ્દો યહૂદી સમાજરચનાને આધારે કહેવાયા હશે અને ભારતમાં કે ગુજરાતમાં એ લેખે ના લાગે. ઘણા નઘરોળ યુવાનો એ કથનનો આશરો લે છે. મેં જોયું છે કે ઘણા ધર્મગુરુઓ લગ્નવિધિ કરાવતી વેળા સંત પૉલનો આ પત્ર વાંચવાથી વેગળા રહે છે. કારણ પુરુષને આધીન રહેવાની સ્ત્રીની ફરજો એને ગુલામડીની કક્ષામાં મૂકી દે છે ! અહીં લેખક વારંવાર સ્ત્રીના સ્વમાન અને સ્વાયત્તતાની જે દુહાઈ દે છે એનો છેદ ઊડી જાય છે. લેખકે આયે વિચારવું જોઈએ :

''રાજાને ગમે છે એટલે એક માણસ સારો છે, કે એક માણસ સારો છે એટલે એ રાજાને ગમે છે ?'' (ફિલસૂફ પ્લેટોનો પ્રશ્ન, ૨૦૦૨ની ગુજરાતની ઘટનાઓની ચર્ચા.)

''પૃથ્વીની ભેદની પરસ્પર આપ-લે કરવાથી તમે અખૂટ સમૃદ્ધિ મેળવશો અને સંતોષ પામશો. પરંતુ જો એ આપ-લે પ્રેમપૂર્વક અને ઉદાર ન્યાયબુદ્ધિથી નહીં થાય તો તેથી કેટલાક લોભી બનશે અને બીજાઓને ભૂખમરો જ વેઠવો પડશે.''

('ધ પ્રોફેટ'માં ખલીલ જિબ્રાન)

(પૈસા પાછળ પડેલ વિશ્વમાં ન્યાયી અને ગરીબલક્ષી વહેંચણીની ચર્ચા.)

'જીવન એ એક એવું ગીત છે કે મૃત્યુ એનું ધ્રુવપદ છે.' મૃત્યુથી માનવજીવન પરિપૂર્તિ પામે છે અને એ જ માનવજીવનને અર્થબદ્ધ બનાવે છે.'

– વિક્ટર હ્યુગો

'હું મૃત્યુને વહાલ કરું છું તો મારે મન મૃત્યુ જીવનનો અંત નથી. હું મૃત્યુથી પર એક નવા જીવનમાં માનું છું. પરંતુ પરલોક જીવનની મારી માન્યતાને લઈને આ ફાની દુનિયાના જીવનની કોઈ પણ રીતે ઉપેક્ષા કરવામાં હું માનતો નથી. ઊલટું, હું તો આ દુનિયાના જીવનને ભરપટે જીવવામાં માનું છું.' (ફાધર વર્ગીસ પૉલ)

આજનો તરણોપાય :

'આજે આપણે માટે એક જ ઉપાય રહ્યો છે – માણસમાત્રમાં છૂપી કે ખુલ્લી રહેલી પાશવતાથી સભાન બનીને માણસાઈ તરફ વળવું. માણસાઈમાં સત્ય છે. માણસાઈમાં ન્યાય છે. માણસાઈમાં પ્રેમ છે. માણસાઈમાં સભાનતા છે. માણસાઈમાં અંતર્યામી ભગવાન છે. અપરાધ માટે માણસાઈમાં જ પશ્ચાત્તાપ છે. ગુનાનો એકરાર છે. માણસાઈમાં ભરપાઈ કરવાની વૃત્તિ છે. માણસાઈમાં ભરોસો છે. માણસાઈમાં ધર્મોના ભેદ નથી. માણસાઈમાં જ સાચી ધાર્મિકતા સામેના ખતરાનો જવાબ છે.'

– લેખક પોતે

આ પુસ્તકમાં ઠેર ઠેર આવી રત્નકણિકાઓ વિચારપૂર્વક પરોવાઈ છે. માનવ-ઇતિહાસમાં જેટલી પુરાણી કુટુંબસંસ્થા ટકી રહે અને દીપ્તિ થકી ઝળહળતી રહે એવી લેખકની અભ્યર્થનાને આવકારીએ – અભિનંદીએ.